# ધનસુરા ખાતે સંત શિરોમણી રવિદાસજીની જન્મ જયંતી નિમિત્તે ઉજવણી કરાઈ



ધનસુરા, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચા ના કાર્યક્રમ મુજબ સંત શિરોમણી રવિદાસજીની જન્મ જયંતિ નિમિત્તે ઉજવણીના ભાગરૂપે અરવલ્લી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતી મોરચા દ્વારા ધનસુરા ગામે બ્રહ્મસમાજ / શ્રવણ સમાજ ની મહિલા મંડળ દ્વારા વડલાવાળી ફળી ખાતે કાર્યક્રમ યોજાયો હતો.બ્રહ્મસમાજ/ શ્રવણ સમાજ દ્વારા સંત રોહીદાસજી ની આરતી કરીને સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમ માં પ્રદેશમાં થી અનુ.જાતિ મોરચાના 'મંત્રી' શ્રી નિલેશભાઈ આચાર્ય તથા અરવલ્લી જિલ્લા ના અનુ.જાતિ મોરચાના પ્રમુખ દિનેશભાઈ સોનેરી, અરવલ્લી જિલ્લાના મહિલા મોરચાના 'મહામંત્રી' પ્રીતિબેન ઠેકડી,અરવલ્લી જિલ્લાના મહિલા મોરચાના કારોબારી સભ્ય મીનાબેન જોશી, અરવલ્લી જિલ્લા ના અનુ.જાતિ મોરચાના 'મંત્રી' અને ઈન્ચાર્જ ચમાર પિયુષકુમાર,અરવલ્લી જિલ્લા ના અનુ. જાતિ મોરચાના ઉપપ્રમુખ અને સહ ઈન્ચાર્જ શંકરભાઈ સોલંકી,તાલુકાના મહામંત્રી નરેન્દ્રભાઈ પટેલ,ધનસુરા તાલુકાના મહિલા મોરચાના મંત્રી તારાબેન દરજી,ધનસુરા પંચાયત ના પૂર્વ સદસ્ય સ્વાતિબેન શાહ અને મનીષભાઈ શાહ,બાયડ તાલુકા સદસ્ય પરમાનંદ ભાઈ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા સમગ્ર કાર્યક્રમ નું આયોજન અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા ના મહામંત્રી પ્રીતિબેન ઠેકડી અને કાર્યકર્તા ઓએ કર્યું હતું.

# આંબાસરમાં રસ્તાના ઝઘડામાં ખેડૂતને ફટકાર્યો : ચાર સામે ગુનો નોંધાયો

બાયડ, તા. ૧૯

પોશીના તાલુકાના આંબાસર ગામે ખેતરના તળાવ નજીથી પસાર થતા રસ્તાના ઝઘડામાં ૪ ઈસમોએ ભેગા થઈ ખેડૂતને ફટકાર્યા પછી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોશીના પોલીસે ગુનો નોંધ્યો છે.

પોલીસે આપેલી જાણકારી આપતાં તાલુકાના આંબાસર ગામના દિનેશભાઈ બાબુભાઈ ગમાર તા.૧૪ના રોજ તળાવ નજીક આવેલા તેમના ઘઉંના ખેતરમાં પિયતનું પાણી આપતા હતા જે દરમ્યાન ગામના ભેરાભાઈ પુંજાભાઈ ગમાર અને અન્ય ૩ ઈસમોએ તળાવની પાળ ઉપર ભેગા થઈ અપશબ્દો બોલતા હતા આ રસ્તો અમે કાઢ્યો છે તારે અહીથી રસ્તે નિકળવું નહીં તેમ કહી ખેડૂતને ગાળો આપવામાં આવતાં બંને પક્ષે ગરમા ગરમી થઈ. દરમ્યાન ઉશ્કેરાયેલા ઈસમોએ ખેડૂતને ફેંટ પકડી જમીન ઉપર પટકી ફટકાર્યા હતા બનાવ અંગે પોશીના પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

**આરોપીઓ...**

ભેરાભાઈ પુંજાભાઈ ગમાર
લાલજીભાઈ પૂંજાભાઈ ગમાર
રૂમાલભાઈ ભૂવાભાઈ ગમાર
દોલાભાઈ ભુગથાભાઈ ગમાર
(તમામ રહે. આંબાસર, તા. પોશીના)

બનાસકાંઠામાં બે વર્ષ બાદ નંદઘરોમાં ભૂલકાઓ કિલ્લોલ....

# કોરોના કાબુમાં આવતા જીલ્લાની ૩૩૬૫ આંગણવાડીઓ શરૂ થઈ

પાલનપુર તા.૧૯

રાજ્યમાં કોરોનાનું સંકટ કોરોના પ્રકોપ ને લઈ નાના ભૂલકા ઓને કોરોના સંક્રમણ થી બચાવવા



કરાયો હતો. જોકે કોરોનાની પ્રથમ બીજી અને છેલ્લે બે વર્ષ બાદ ત્રીજી લહેરનું સંક્રમણ હળવું બનતાં રાજ્યમાં બાલમંદિર અને આંગણવાડી ઓમાં ભૂલકા ઓનું શૈક્ષણિક કાર્ય શરૂ કરવા સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઈ બે વર્ષ બાદ બનાસકાંઠા જિલ્લા ની ૩૩૬૫ આંગણવાડીઓ ખુલતા ૧૨૭૦૦૦ બાળકોનો ખિલખિલાટ થી ગુંજી ઉઠી હતી જિલ્લામાં કોરોનાની ગાઈડ લાઈન મુજબ બાળકોને અભ્યાસ શરૂ કરાવવામાં આવ્યો હતો અને મધ્યાહન ભોજન અંતર્ગત

હળવું બનતા રાજ્યમાં આંગણવાડી અને બાલમંદિર શરૂ કરવા સરકારના નિર્ણય બાદ બનાસકાંઠા જિલ્લા માં આજ થી ૩૩૬૫ આંગણવાડી ઓ શરૂ થતા નંદઘર નાના ભૂલકા ઓથી ધમધમી ઊઠી છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, રાજ્યમાં માટે સરકાર દ્વારા આંગણવાડી અને બાલમંદિરમાં બાળકો ગેરહાજર રાખવાનો નિર્ણય બાળકોનું પોષણયુક્ત ખોરાક પણ ભૂલકાઓને આપવા માં આવ્યો હતો.

**કોરોના ગાઈડ લાઈનના પાલન સાથે અભ્યાસ શરૂ કરાયો**

બનાસકાંઠા સી.ડી.પી.ઓનાકાશ્મીરા ઠાકરે જણાવ્યું હતું કે, સરકારના આદેશ અનુસાર જિલ્લા ની આંગણવાડીઓ ૩૩૬૫ આંગણવાડીઓ શરૂ કરાયુ છે જેમાં કોવિડ ગાઈડ લાઈન મુજબ ૧૨૭૦૦૦ ભૂલકાંને અભ્યાસ પૂરો પાડવામાં આવી રહ્યો છે અને બાળકોને પોષણ યુક્ત ખોરાક પણ અપાયો હતો

# હવે અંબાજી દર્શન કરવા જવા માટે માઈ ભક્તોને ઓનલાઈન રજિસ્ટ્રેશનની જરૂર નથી...

અંબાજી તા. ૧૯

યાત્રાધામ અંબાજી ગુજરાતનુ જ નહીં પણ ભારતભરનું પ્રસિદ્ધ શક્તિપીઠ છે. જેને કરોડો લોકો ની આસ્થા નું કેન્દ્ર માનવામાં આવે છે જોકે કોરોના મહામારીને લઈ અંબાજી મંદિર બંધ પણ કરવામાં આવ્યું હતું અને કેટલાક અંશે કોરોનાની પરિસ્થિતિ થાળે પડતા ફરીથી અંબાજી મંદિર સરકારની SOP પ્રમાણે દર્શનાર્થીઓ માટે ખુલ્લું મુકાયું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે.જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, અનેક શ્રદ્ધાળુઓ અંબાજી દર્શનાર્થે પહોંચી દર્શન નો લાભ લઈ રહ્યા છે જોકે દર્શન માટે શ્રદ્ધાળુઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાયા બાદ માતાજીના દર્શન નો લાભ મળી શકે તેવી વ્યવસ્થા ઉભી કરાઈ હતી પણ તેવામાં અનેક શ્રદ્ધાળુઓ જે ઓ ગામડામાં રહેતા હોય કે પછી ઓનલાઈન રજીસ્ટ્રેશન ન કરાવી શકનાર શ્રદ્ધાળુઓ દર્શનથી વંચિત નહીં રહી જાય તેવી ભાવના સાથે બનાસકાંઠા જિલ્લા કલેકટર અને અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન આનંદ પટેલ દ્વારા મહત્વ નો નિર્ણય લઈ શ્રદ્ધાળુઓ ને ઓનલાઈન રજીસ્ટ્રેશન માંથી મુક્તિ આપવાની જાહેરાત કરાઈ છે .



# પ્રાંતિજના અનવરપુરા પ્રાથમિક શાળામાં પુસ્તક વાંચન સ્પર્ધા યોજાઈ

**પાંચ શાળાના ૧૫ બાળકોએ ભાગ લીધો : આરોણ પ્રાથમિક શાળાનું ગૌરવ**



પ્રાંતિજ તા.૧૯

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ અનવરપુરા પ્રાથમિક શાળા મા વાંચન સ્પર્ધા યોજવામા આવી હતી જેમા પાંચ સ્કુલ ના ૧૫ બાળકોએ ભાગ લીધો હતો.

રાજય ની સરકારી પ્રાથમિક શાળાઓમા પુસ્તક વાંચન સ્પર્ધા યોજવામા આવી હતી જેમા ઓરાણ કલસ્ટર ની અનવરપુરા પ્રાથમિક શાળા મા ઓરાણ જુથ ની પુસ્તક વાંચન સ્પર્ધા યોજવામા આવી હતી જેમા કુલ-પાંચ બાળકોએ ભાગ લીધો હતો જેમા ધોરણ-૧ ની સ્પર્ધા મા મકવાણા ભુમિબેન રામાજી પ્રથમ નંબરે પ્રાપ્ત કર્યો હતો જયારે ધોરણ-૭ની સ્પર્ધા મા મીર શહેરીનબાનુ મહમ્મદભાઈ દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો તો ધોરણ-૬ ની સ્પર્ધા સૈયદ સમીનાબાનુ રિફાકતઅલી દ્વિતીય નંબર મેળવ્યો હતો તો ત્રણેય વિધાર્થીઓએ પ્રથમ દ્વિતીય નંબર પ્રાપ્ત કરી ઓરાણ-૧ પ્રાથમિક શાળાનુ નામ રોશન કર્યુ હતુ તો શાળાના આચાર્ય પરમાર ઉષાબેન અને શિક્ષિકા કડીયા અનિતાબેન દ્વારા વિધાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ.

**સૃષ્ટી વિરુદ્ધ પૂજ્ય કરનારની ટોળાએ સરભરા કરી**

# ભુવેલમાં રાજસ્થાની ઈસમનું પશુ સાથે સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય

**રાત્રે તબેલામાં લાઈટ બંધ કરી અધમ કૃત્ય આચર્યું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૯

ઈડર તાલુકાના ભુવેલ ગામે પશુપાલકના તબેલામાં રાત્રિના સમયે વિક્ત મગજના રાજસ્થાની ઈસમે પશુ સાથે સૃષ્ટી વિરુદ્ધનું ક્યું આચર્યાની ઘટનાએ પંથકમાં ફીટકાર વરસાવ્યો છે. તબેલાની લાઈટો બંધ કરી હવસખોરે પશુસાથે અધમ જ્ય આચરતાં આરોપીને જાહેરમાં ફાંસીના માંચડે લટકાવી દેવો જોઈએ તેવો આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. સૃષ્ટી વિરુદ્ધ કૃત્ય આચરનારને ટોળાએ આગવી રીતે સરભરા કરી હતી. બનાવ અંગે જાદર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાળા માથાના માનવીએ હવસખોરીની હવે હદ વટાવી છે. મહિલાઓ, યુવતી અને સગીર ઉપર બળાત્કારની ઘટનાઓ પછી હવે પશુઓ સાથે પણ સૂર્ણ વિરુદ્ધના જ્યએ સભ્ય સમાજને વિચારતા કરી મૂક્યો છે. તાલુકાના ભુવેલ ગામની સીમમાં રાત્રે કાળીદાસ ક્યરાભાઈ પટેલના કોટડા છાવણીના કાનજી લાલજીભાઈ ગમારે પશુ સાથે સૃષ્ટી વિરુદ્ધનું આચર્યું હતું. રાત્રે તબેલાની લાઈટો બંધ જોતાં ગામમાં ફેરી કરનારા યુવકોને શંકા ગઈ અને તબેલામાં તપાસ કરતાં હવસખોર પશુ સાથે અધમ જ્ય આચરતી હાલતમાં પકડાઈ જતાં પોલીસને સોંપ્યો છે. બનાવ અંગે પશુપાલકની ફરિયાદના આધારે જાદર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



તબેલામાં પ્રવેશેલા રાજસ્થાનના

# ડીસા શહેર-તાલુકાની ૩.૨૭ લાખ જનતાને ડીસા માર્કેટયાર્ડનું માર્ગ અકસ્માત વિમા સુરક્ષા કવચ

**ડીસા માર્કેટયાર્ડ દ્વારા રૂપિયા ૬૩.૮૦ લાખનું વિમા પ્રિમિયમ ભરાયું**

ડીસા, તા. ૧૯

ડીસા માર્કેટયાર્ડ દ્વારા છેલ્લાં ઘણા વર્ષોથી ડીસા શહેર-તાલુકાની જનતાને અકસ્માત વિમા કવચ પુરૂ પાડવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે ડીસાની ૩.૨૭ લાખ જનતા નું ૬૩.૮૦ લાખ વિમા પ્રિમિયમ ભરી અકસ્માત વિમાથી સુરક્ષિત કરવામાં આવ્યાં હતાં.

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (ડીસા માર્કેટયાર્ડ) ડીસાના ચેરમેન માવજીભાઈ દેસાઈ તેમજ સંચાલક મંડળ દ્વારા ડીસા માર્કેટયાર્ડમાં કામકાજ કરતાં વેપારીઓ, લાયસન્સ ધારકો, હમાલ, તોલાટ તેમજ કર્મચારીઓ સહિત ડીસા શહેર તેમજ તાલુકાની ૫ વર્ષ થી ૭૦ વર્ષ સુધીની ૩,૨૭,૮૧૩ જન સંખ્યા ને અકસ્માત વિમા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આથી શુક્રવારે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીએ વિમા પ્રિમિયમના ૬૩,૮૦,૦૮૯ ની રકમનો ચેક ધી ઓરીએન્ટલ ઈન્શયોરન્સ કંપની ના સિનિયર ડીવીઝનલ મેનેજર એ.આર.વણકર, વિમા અધિકારી વાય.એન.પરીખ અને એમ. કે. પુરોહિતને સુપ્રત કરવામાં આવ્યો હતો.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના સેક્રેટરી અમૃતભાઈ જોષીએ જણાવ્યું હતું કે, બજાર સમિતિ દ્વારા દર વર્ષે ડીસા શહેર અને તાલુકા ની જનતાને અકસ્માત વિમા પોલીસી અંતર્ગત વિમા કવચ પુરૂ પાડે છે. જેથી ચાલુ વર્ષે પણ ૩.૨૭ લાખ જનતા નું ૬૩.૮૦ લાખ પ્રિમિયમ ભરવામાં આવ્યું છે.




# જાયન્ટ્સ ગ્રુપ ઓફ બાયડ દ્વારા સેનેટરી પેડનું વિતરણ કરાયું

બાયડ, તા. ૧૯

જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડના પૂર્વ પ્રમુખ ગિરીશભાઈ પટેલ ના (જન્મદિવસે) સહયોગથી બાયડની સારસ્વત હાઈસ્કૂલ માં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતી આશરે ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓને સેનેટરી પેડ નું વિતરણ કરવામાં આવ્યું.અને બાયડ ની વલ્લભનગર પ્રાથમિક શાળામાં તમામ બાળકોને બિસ્કિટ નું વિતરણ કરવામાં આવ્યું. - સારસ્વત હાઈ સ્કૂલ ની વિદ્યાર્થિનીઓ ને માસિક સમયે વ્યક્તિગત સ્વચ્છતા નું મહત્વ અને સેનેટરી પેડ્સ ના ઉપયોગ અંગે ની સમજ જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ પુર્વ પ્રમુખ ધર્મેશ સોની અને સારસ્વત હાઈસ્કૂલ ના આચાર્ય આરીફભાઈ મિર્ઝા દ્વારા આપવામાં આવી અને સેનેટરી પેડ્સ નું વિતરણ કરવામાં આવ્યું. - સેનેટરી પેડ્સ વિતરણ નું નવતર પ્રયોગ ના હેતુઓ માં વિદ્યાર્થીનીઓ, કિશોરીઓ અને મહિલાઓ માસિક સ્વચ્છતા નું મહત્વ સમજી શકે. તેઓ માસિક સમય દરમિયાન યોગ્ય રીતે સેનેટરી પેડ નો ઉપયોગ અને નિકાલ કરી શકે, પ્રજનન રોગોનો ભોગ ન બને અને વર્ગમાં માસિક સમય દરમ્યાન વિદ્યાર્થીનીઓની હાજરી સુનિશ્ચિત થાય તેવું જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ ના પૂર્વ પ્રમુખ અને NCF ધર્મેશ સોની અને સારસ્વત હાઈ સ્કૂલ ના આચાર્ય આરિફભાઈ મીરઝા એ જણાવ્યું હતું. આ પ્રસંગે જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડના પૂર્વ પ્રમુખ અને NCF ધર્મેશ સોની, ફેડરેશન ઓફિસર કુમુદભાઈ ભાવસાર, યુનિટ ડાયરેકટર ગીરીશભાઈ પટેલ, સારસ્વત હાઈસ્કૂલ ની વિદ્યાર્થિનીઓ, સારસ્વત હાઈસ્કુલ નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. સારસ્વત હાઈસ્કૂલ ના આચાર્ય આરીફભાઈ મિર્ઝા એ જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ ની સેવાકીય પ્રવૃતિઓ ને બિરદાવી હતી અને જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડનો આભાર માન્યો હતો.




# પાલનપુર પાલિકાએ ત્રણ માસમાં બાકીદારોના ૧૭૫ નળ કનેક્શન તેમજ ૩૦ મકાન સીલ કર્યા

પાલનપુર તા.૧૯

પાલનપુર નગરપાલિકાના યુવા મહિલા પ્રમુખ શ્રીમતી હેતલ રાવલ, ઉપ પ્રમુખ શ્રી હસમુખ પઢીયાર, કારોબારી ચેરમેન શ્રી દીપક પટેલ અને અન્ય પદાધિકારીઓ ચૂંટાયેલા સભ્યોની સાથે નવનિયુક્ત ઉત્સાહી મુખ્ય અધિકારી શ્રી ગૌરાંગ પટેલ દ્વારા પાલનપુર નગરપાલિકાના વિસ્તારમાં રહેતા સૌ શહેરીજનોને પોતાના ઘરવેરા બાકી હોય તો સત્વરે ભરી લેવા જણાવાયું છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા ના સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,બાકીદારો સામે નગર પાલિકાની ટીમે લાલ આંખ કરતા અનેક બાકીદારોના પાણીના નળ કનેકશન કાપી દેવાયા છે. અને મિલકતોને સીલ કરવાની કામગીરી ચાલી રહી છે. પાલિકાની ટીમે બુધવારે વધુ ૧૦ નળ કનેક્શન કાપી નાખ્યા હતા.

આ વિસ્તારમાં પણ કાર્યવાહી જરૂરી, સોનબાગ વિસ્તાર,હનુમાન ટેકરી, બેચરપુરા, હાઉસિંગ બોર્ડમાં એકંદરે જાહેર માર્ગમાં પાણી રેલાય છે.પાલનપુર નગરપાલિકાની ટીમે શહેરમાં વેરો ન ભરનાર સામે લાલ આંખ કરી કાર્યવાહી હાથ ધરી છે જ્યાં બુધવારે વધુ કમાલપુરા ઘરવેરાની ટીમે શહેરમાં વેરો ન ભરનાર સામે લાલ આંખ કરી ફક્ત કોટ અંદર અને કમાલપુરા વિસ્તારના વેરો ન ભરતા રહીશોના ત્રણ માસમાં બુધવાર સહિત ૧૭૫ નળ કનેક્શન તેમજ ૩૦થી વધુ મિલ્કત સીલ



ના વધુ ૧૦ નળ કનેક્શન કાપી કુલ ૧૭૫ કનેક્શન કાપ્યા હતા.તેમજ ૩૦થી વધુ મિલ્કત સીલ કરી છે.જ્યાં અન્ય વિસ્તારોમાં પાણીની રેલમછેલ જોવા મળે છે.ત્યાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. પાલનપુર નગરપાલિકાની કરી છે.ત્યાંથી તેમને કરોડો રૂપિયાનો દંડ વસૂલ્યો છે.જયારે પાલનપુરના સોનબાગ વિસ્તાર,હનુમાન ટેકરી, બેચરપુરા, હાઉસિંગ બોર્ડમાં એકંદરે જાહેર માર્ગમાં પાણી રેલાય છે ત્યાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

**જન્મદિને વધામણી**



મલ્હાર રાજેન્દ્રકુમાર પટેલ
આણંદ (બાયડ)

**ટચુકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# પાલનપુરમાં કોરોનામાં બંધ થયેલ ટ્રેન શરૂ કરવા માંગણી



પાલનપુર તા.૧૯

પાલનપુર સહિત જિલ્લામાં કોરોના કેસ વધતા ટ્રેનો બંધ કરવામાં આવી હતી.જયાં પાલનપુરથી ગાંધીધામ તરફ જવાની એક લોકલ અને એક એક્સપ્રેસ ટ્રેન લોકડાઉન બાદ શરૂ ન કરવામાં ન આવતા મુસાફરો પ્રાઈવેટ તેમજ બસમાં જવા મજબુર બન્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ કે. જોશી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, કોરોનાના કેસ વધતા જતા રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યું હતું.બસ અને ટ્રેનના મોટાભાગના રૂટ બંધ કરવામાં આવ્યા હતા.જયાં પાલનપુર રેલવે સ્ટશનથી ગાંધીધામ તરફ જતી લોકલ પેસેન્જર અને ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેન આજદિન સુધી શરૂ કરવામાં ન આવતા પાલનપુર, ડીસા, ભીલડી, દિયોદર, ભાભર રાધનપુર, સાંતલપુર સહિતના મુસાફરો પ્રાઈવેટ સાધનો તેમજ બસમાં જવા મજબુર બન્યા છે.તો તાત્કાલિક આ રૂટની ટ્રેનો શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.આ બાબતે રેલવેના સૂત્રોએ જણાવ્યું હતું કે, એકંદરે ગાંધીધામના પેસેન્જરો આવીને ધકા ખાઈને જતા રહે છે અમને પણ જાણ નથી આ બે ટ્રેનો ક્યારે શરૂ થશે.